Gujarat Chamber of Commerce & Industry

ગુજરાત વેપારી મહામંડળ ૧૯૪૯ થી કાર્યરત

11916

Durgesh V. Buch
President

Natubhai Patel
Sr. Vice President

Bhargav Thakkar
Vice President

Sanjeev Chhajer
Secretary

Dilip M. Padhya
Secretary (R)

Pathik S. Patwari
Treasurer

૩ ઓક્ટોબર, ૨૦૧૯

**શ્રી વિજયભાઈ રૂપાણી**
માનનીય મુખ્યમંત્રીશ્રી
ગુજરાત રાજય,
ગાંધીનગર.

**વિષય: સિંગલ યુઝ પ્લાસ્ટીકના વપરાશ ઉપર પ્રતિબંધ અંગે.**

**માનનીય મુખ્યમંત્રીશ્રી ,**

સૌ પ્રથમ આપશ્રીને ગુજરાતના પ્લાસ્ટીક ઉદ્યોગના પ્રશ્નો વિષે આપના સકારાત્મક વલણ માટે આભાર વ્યક્ત કરીએ છીએ.

આપશ્રી વિદિત છો તેમ બીજી ઓક્ટોબર, ૨૦૧૯ના રોજ સ્વચ્છ ભારત દિવસની ઉજવણી નિમિત્તે ભારતના માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સિંગલ યુઝ પ્લાસ્ટીકના વપરાશને તબક્કાવાર રીતે ઓછું કરતાં ૨૦૨૨ સુધીમાં દેશને સિંગલ યુઝ પ્લાસ્ટીક મુક્ત કરવાની જાહેરાત કરી છે. આ જાહેરાતથી માનનીય વડાપ્રધાન શ્રીનો આશય ખુબજ સ્પષ્ટ જણાય છે કે આવા સિંગલ યુઝ પ્લાસ્ટીકનું ઉત્પાદન કરતાં એકમોને તેમની ઉત્પાદન પ્રક્રિયામાં ફેરફાર કરવા માટે પુરતો સમય મળી રહે તેવો છે. આપશ્રીનો પણ સિંગલ યુઝ પ્લાસ્ટીક અંગે આ જ મંતવ્ય ખુબજ સ્પષ્ટ રીતે અગાઉ આપશ્રીએ વિવિધ મિટિંગો દરમ્યાન જણાવેલ છે.

હાલની પરિસ્થિતિમાં માનનીય વડાપ્રધાનશ્રી દ્વારા કરવામાં આવેલ જાહેરાત અંગેનું નોટીફીકેશન અને માર્ગદર્શિકા બહાર પાડવામાં આવેલ નથી જેના કારણે ઉત્પાદકો તેમજ જાહેર સંસ્થાઓને આ વિષે સ્પષ્ટતા નથી. આ કારણોસર હજુ પણ ઘણાં મ્યુનિ. કોર્પોરેશનો અને મહાનગરપાલિકાઓએ જુદા જુદા અર્થઘટન કરી તેમના અધિકારક્ષેત્રમાં સિંગલ યુઝ પ્લાસ્ટીકની કેટલીક વસ્તુઓને પ્રતિબંધિત કરેલ છે અને આવા પ્લાસ્ટીકની વસ્તુઓના વપરાશ અંગે દંડ તેમજ નોટીસો આપવામાં આવે છે જેના કારણે પ્લાસ્ટીક ઉત્પાદનોને ખુબજ હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે અને ઘણાં કિસ્સાઓમાં તેમનું અસ્તિત્વ સુદ્ધાં જોખમમાં મુકાયું છે.

Shri Ambica Mills - Gujarat Chamber Building, Ashram Road, Ahmedabad- 380009. INDIA. | +91 - 79 - 2658 2301-2-3-4 gcci@gujaratchamber.org | www.gujaratchamber.org

ગુજરાતના પ્લાસ્ટીક ઉદ્યોગ વતી સિંગલ યુઝ પ્લાસ્ટીકની વ્યાખ્યા વિગેરે અંગે સ્પષ્ટતા આપતી માર્ગદર્શિકા અને માનનીય વડાપ્રધાનશ્રીની જાહેરાતને ધ્યાનમાં રાખી સિંગલયુઝ પ્લાસ્ટીકના નિયમો સ્પષ્ટ કરતું જાહેરનામું બહાર પાડવા તેમજ જાહેરનામુ બહાર પાડવામાં ન આવે ત્યાં સુધીના વચગાળાના સમય દરમ્યાન પ્લાસ્ટીક ઉત્પાદકો સામે કોઇ પણ જાતની કાર્યવાહી કરવામાં ન આવે તેવી સૂચના મ્યુનિસિપલ કોર્પોરેશનો અને મહાનગરપાલિકાઓને આપવામાં આવે તેવી આપશ્રીને નમ્ર વિનંતી છે.

આપના સાનુકૂળ નિર્ણયની અપેક્ષા સહ,

**આપનો વિશ્વાસુ,**

**દુર્ગેશ બુચ**
**પ્રમુખ**

**<u>નકલ રવાના :</u>**
**ગુજરાતના વિવિધ મ્યુનિ. કોર્પોરેશનો અને મહાનગરપાલિકાના માનનીય કમિશ્નરશ્રીઓને**